પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૬૭ | ૨૬ ઓગસ્ટ, ૨૦૨૩, શનિવાર; બીજો શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજે નરેન્દ્ર મોદી ચંદ્રયાન-૩ની ટીમને મળશે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગ્રીસ પ્રવાસ બાદ ભારત આવીને સીધા બેગ્લુરુ ઉતરાણ કરશે : સવારે ૭ વાગે સીધા ઈસરો હેડક્વાર્ટર પહોંચશે જ્યાં ચંદ્રયાન-૩ની ટીમને મળી અભિનંદન પાઠવશે : બેંગલુરુમાં પીએમ મોદીના આગમન પર કર્ણાટક બીજેપી દ્વારા રોડ શો યોજવાની તૈયારી**



બેંગલુરુ, તા.૨૫

ચંદ્રયાન-૩ના સફળ સોફ્ટ લેન્ડિંગ બાદ રોવરે ચંદ્રની સપાટીનું પરીક્ષણ પણ શરૂ કરી દીધું છે. ૨૩ ઓગસ્ટે ચંદ્રયાનના લેન્ડિંગ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાલી રહેલા બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ પહોંચ્યા હતા. પરંતુ, પીએમ મોદીએ ત્યાંથી લાઈવ જોડાઈને ભારતનું ચંદ્ર મિશન જોયું અને તેની સફળતા માટે ઈસરો અને તમામ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા.

ભાજપના સૂત્રોએ જણાવ્યું છે કે ગ્રીસ પ્રવાસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીધા કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં ઉતરશે. અહીં ISROનું મુખ્યાલય છે. તેમના વિદેશ પ્રવાસથી પરત ફર્યા બાદ તરત જ એટલે કે ૨૬ ઓગસ્ટે સવારે લગભગ ૭ વાગ્યે પીએમ સીધા જ ઈસરોના હેડક્વાર્ટર પહોંચશે, જ્યાં તેઓ ચંદ્રયાન-૩ની આખી ટીમને મળશે.

બેંગલુરુમાં પીએમ મોદીના આગમન પર કર્ણાટક બીજેપી પણ એક નાનો રોડ શો યોજવાની તૈયારી કરી રહી છે.


● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન મોદીએ જિનપિંગને કહ્યું, LACનું સન્માન જરૂરી

**સરહદી ક્ષેત્રમાં શાંતિ બનાવી રાખવી અને એલએસીનું સન્માન કરવું ભારત-ચીન સંબંધોને સામાન્ય બનાવવા માટે જરૂરી : પ્રધાનમંત્રી મોદી**

જોહનિસબર્ગ, તા.૨૫

દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની એક નાની મુલકાત ખુબ ચર્ચામાં આવી છે. બંને નેતા વર્ષ ૨૦૨૦થી પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર જારી ટકરાવ બાદ બીજીવાર મળ્યા છે. પીએમ મોદીએ આ નાની મુલાકાતમાં શી જિનપિંગને સ્પષ્ટ કરી દીધુ કે ચીને એલએસીનું સન્માન કરવું પડશે. વિદેશ મંત્રાલય તરફથી આ વિશે વિસ્તારથી માહિતી આપવામાં આવી છે.



ભારતના વિદેશ સચિવ વિનય ક્વાત્રા તરફથી જણાવવામાં આવ્યું છે કે પીએમ મોદીએ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરી અને એલએસી પર વણઉકેલ્યા મુદ્દા પર ભારતની ચિંતાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કહ્યું કે સરહદી ક્ષેત્રમાં શાંતિ બનાવી રાખવી અને એલએસીનું સન્માન કરવું ભારત-ચીન સંબંધોને સામાન્ય બનાવવા માટે જરૂરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે બંને દેશના નેતા આ સંબંધમાં અધિકારીઓને જલદીથી જલદી સૈનિકોની વાપસી અને તણાવ ઘટાડવાના પ્રયાસોમાં ગતિ લાવવાનો નિર્દેશ આપવા પર સહમત થયા છે.

આ પહેલા પીએમ મોદી અને ચીની રાષ્ટ્રપતિએ બ્રિક્સ નેતાઓની બ્રીફિંગ પહેલા એકબીજા સાથે હાથ મિલાવ્યો અને અભિવાદન કર્યું.

બંને નેતાઓ મંચ પર સંક્ષિપ્ત વાતચીત કરવા જોવા મળ્યા. પાછલા વર્ષે નવેમ્બરમાં બાલીમાં આયોજીત જી-૨૦ ડિનર દરમિયાન બંને નેતાઓની મુલાકાત થઈ હતી. પરંતુ ત્યારે કોઈ ચર્ચા થઈ નહોતી. તે સંમેલન બાદ હવે બ્રિક્સમાં શી જિનપિંગ અને પીએમ મોદી મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વની નામાંકિત ડેરી પ્રોડક્ટમાં અમૂલ ડેરીનું મોખરાનુ સ્થાન

**ખેડૂતોની માલિકીની બ્રાન્ડ તરીકે એકમાત્ર અમૂલ ડેરી ટોચની ૧૦૦ બ્રાન્ડમાં પ્રસ્થાપિત**

ગાંધીનગર, તા. ૨૫

અમૂલનુ નામ ગુજરાતવાસીઓ માટે નવુ નથી ત્યારે અમૂલ ડેરીનુ નામ હવે વિશ્વની નામાંકિત ડેરી પ્રોડક્ટ બ્રાન્ડ સાથે લેવાશે. યુકે સ્થિત બ્રાન્ડ વેલ્યુએશન કન્સલ્ટન્સી બ્રાન્ડ ફાયનાન્સ દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલ સર્વે અને ગુણવત્તાના અહેવાલમાં અમૂલની પ્રોડક્ટની ગુણવત્તા, નાવિન્ય અને ગ્રાહકોના વિશ્વાસ પ્રત્યે અડગ પ્રતિબધ્ધતા હોવાની વિગતો જારી કરવામાં આવી છે. અમેરિકાની પ્રતિષ્ઠીત ચોકલેટ કંપની હર્શી હંમેશા પ્રથમ ક્રમે રહી છે ત્યારે ભારત તરફથી ખેડૂતોની માલિકીની બ્રાન્ડ તરીકે અમૂલની પ્રોડક્ટ હર્શી ચોકલેટ કંપની પછીના ક્રમે છે જે ગૌરવની બાબત એ છે ત્યારે અમૂલ બ્રાન્ડને વિશ્વની ૫૦ બ્રાન્ડમાંથી સર્વોચ્ચ ૩૦ મૂલ્યવાન ફૂડ બ્રાન્ડમાં સ્થાન આપવામાં આવ્યુ છે. ત્યારે સૌથી વધારે ગૌરવ લેવા જેવી બાબત છે કે એકમાત્ર અમૂલને જ ખેડૂતોની માલિકીની બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવી છે.

**૪૦ વર્ષમાં ગ્રીસની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય પીએમ**

## વડનગર એ વિશ્વનું એક પુરાણું અને જીવંત નગર છે : મોદી

**ગ્રીસમાં ભારતીય મૂળના સમુદાયને સંબોધન દરમિયાન માદરે વતન વડનગરનો ઉલ્લેખ : ભારત અનેક ક્ષેત્રે આજે વિશ્વમાં એકથી ત્રણના ક્રમમાં બિરાજે છે : મોદી**

નવી દિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે લગભગ ૯ વાગે યુરોપીયન દેશ ગ્રીસની રાજધાની એથેન્સની એક દિવસીય મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં એરપોર્ટ પર વિદેશમંત્રી જ્યોર્જ જેરાપેટ્રીટીસે તેમનું સ્વાગત કર્યુ હતુ. ગ્રીસ ખાતે નિવાસી મૂળ ભારતીયોને સંબોધતા નરેન્દ્ર મોદીએ પોતાના વતન વડનગરને ભાવપૂર્વક યાદ કર્યુ હતુ. મોદીએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં આવેલુ વડનગર વિશ્વના અતી પ્રાચીન અને આજ પણ જીવંત હોય તેવા નગરો પૈકીનુ એક નગર છે. ભારતની સિદ્ધિઓની ગાથાઓ વર્ણવતા નરેન્દ્ર મોદીએ ગ્રીસવાસી ભારતીયોને ગૌરવભેર જણાવ્યુ હતુ કે આજે ડેટા વાપરવામાં ભારત

● અનુસંધાન પાન-૭ પર




**શ્રી નરનારાયણ દેવઃ** **જય શ્રી સ્વામિનારાયણઃ**

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**

પરિવાર જેમનું મંદિર હતુ, સ્નેહ જેમની શક્તિ હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતુ, પરમાર્થ જેમની ભક્તિ હતી, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગૂંજ્યા કરે, આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે.

" બીજાના ભલામાં અમારુ ભલું બીજાના સુખમાં અમારુ સુખ."

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**અ.નિ.વિક્રમભાઈ ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલ**

જન્મ તા.૨૭-૧૨-૧૯૫૯ | અ.નિ.તા.૨૬-૦૮-૨૦૨૨

**સમસ્ત શ્રી રામદાસબાપા પરિવાર (ઉનાવા)**

**અ.નિ.શંકરભાઈ ભુલદાસ પટેલ**

(પૂર્વ સરપંચશ્રી ઉનાવા ગામ) (પૂર્વ પ્રમુખશ્રી વિદ્યાર્થી આશ્રમ ઉનાવા ગામ)

**અ.નિ.મણીબેન શંકરભાઈ પટેલ**

**ગં.સ્વ.રંજનબેન વિક્રમભાઈ પટેલ**

જીગર વિક્રમભાઈ પટેલ
દિપીકા જીગર પટેલ
નિક્શ જીગર પટેલ

પ્રિશા

જેલીન

ભાવિક સંજયભાઈ પટેલ
ઋતુ ભાવિક પટેલ
આદર્શ ભાવિક પટેલ

અ.નિ.કેશાભાઈ શંકરભાઈ પટેલ
અ.નિ.શાંતાબેન કેશાભાઈ પટેલ

અ.નિ.ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલ
અ.નિ.શારદાબેન ઈશ્વરભાઈ પટેલ

ગોરધનભાઈ કાશીભાઈ પટેલ (પોર)
અ.નિ.કાશીબેન ગોરધનભાઈ પટેલ

અ.નિ.રમણભાઈ શંકરભાઈ પટેલ
અ.નિ.કાન્તાબેન રમણભાઈ પટેલ

દિપકભાઈ કેશાભાઈ શંકરભાઈ પટેલ
કૈલાસબેન દિપકભાઈ પટેલ
કલ્પેશભાઈ ગોરધનભાઈ પટેલ (પોર)
સુજાતાબેન કલ્પેશભાઈ પટેલ
અ.નિ.કાન્તિભાઈ સોમાભાઈ પટેલ (અંબાપુર)
ગં.સ્વ.કોકીલાબેન કાન્તિભાઈ પટેલ
ઉજ્વલકુમાર ચંદ્રકાન્તભાઈ પટેલ (અંબાપુર)
હિમાની ઉજ્વલકુમાર પટેલ
રીક્શીતકુમાર કાંતિભાઈ પટેલ (ઉનાવા)
રીમા (ગોપી) રીક્શીતકુમાર પટેલ

સંજયભાઈ રમણભાઈ શંકરભાઈ પટેલ
મિનાબેન સંજયભાઈ પટેલ
રમેશકુમાર કેશવલાલ પટેલ (પોર)
લીલાબેન રમેશકુમાર પટેલ
પિન્કલકુમાર નંદુભાઈ પટેલ (ધમાસણા)
ખુશ્બુ પિન્કલકુમાર પટેલ
ધવલ રમેશભાઈ પટેલ (પોર)
ઉર્વી ધવલ પટેલ
આકાશકુમાર વિક્રમભાઈ પટેલ (ઉનાવા)
શીવાની આકાશકુમાર પટેલ

રાકેશભાઈ ગોરધનભાઈ કાશીભાઈ પટેલ
શિલ્પાબેન રાકેશભાઈ પટેલ (પોર)
જયંતિભાઈ ભગાભાઈ પટેલ (ચાંદખેડા)
સંગિતાબેન જયંતિભાઈ પટેલ
સમીરકુમાર સુરેશભાઈ પટેલ (ધમાસણા)
નીકીતા સમીરકુમાર પટેલ
હાર્દિક જયંતિભાઈ પટેલ
વિરલ હાર્દિકભાઈ પટેલ
બટુકભાઈ દિપકભાઈ પટેલ
ઝલક બટુકભાઈ પટેલ

કેતનભાઈ રમણભાઈ શંકરભાઈ પટેલ
શિલ્પાબેન કેતનભાઈ પટેલ
મુકેશભાઈ લાલભાઈ પટેલ (ચાંદખેડા)
રેણુકાબેન મુકેશભાઈ પટેલ
જીગ્નેશકુમાર વિનુભાઈ પટેલ (ઝુંડાલ)
ભુમિકા જીગ્નેશકુમાર પટેલ
રૂષભ (લાલીભાઈ) રમેશભાઈ પટેલ
નિશા રૂષભ પટેલ (પોર)
ફેનીલ (રાજા) મયુરભાઈ પટેલ
સ્મિત (નિલુ) કેતનભાઈ પટેલ

મયુરભાઈ રમણભાઈ શંકરભાઈ પટેલ
શિતલબેન મયુરભાઈ પટેલ
નટવરભાઈ અંબાલાલ પટેલ
મધુબેન નટવરભાઈ પટેલ (અંબાપુર)
સચિનકુમાર કમલેશભાઈ પટેલ (અંબાપુર)
મોનાલી સચિનકુમાર પટેલ
જયમીન (રોકી) મુકેશભાઈ પટેલ (ચાંદખેડા)
અક્ષય (નિકુ) મુકેશભાઈ પટેલ (ચાંદખેડા)
આરવ, ક્રિશીવ, રુહી, રાહી, ક્રિશા, ત્રીશા, વિહાન, અર્થ, શ્લોક, અક્ષર

**સમસ્ત શામળભાઈ ભુલદાસ પટેલ મુખી પરિવાર (ઉનાવા)** | **સમસ્ત જીભાઈદાસ પટેલ પરિવાર (ઉનાવા)** | **મંગળભાઈ લલ્લુભાઈ તથા સમસ્ત મુખી પરિવાર (કલોલ)**

**નિલકંઠ લેન્ડસ્કેપ** | **સહજાનંદ નર્સરી** | **શ્રી રામદાસ ફાઉન્ડેશન ઉનાવા** | **મહાકાળી ફાર્મ નર્સરી** | **હરિકૃષ્ણ નર્સરી પ્લાન્ટેશન**